# પ્રધાનમંત્રી ત્રીજીએ સવાચાર લાખ ગરીબોને અનાજ કીટનું ઇ-વિતરણ કરશે

## પાંચ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી નહિ-પરંતુ જન સેવા-લોકહિતના પાંચ વર્ષમાં થયેલા વ્યાપક કામો જન જન સમક્ષ રાજ્ય સરકાર પ્રસ્તુત કરશે

ગાંધીનગર, તા. ૨૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારના પાંચ વર્ષ પૂર્ણ થવા



અવસરે "પાંચ વર્ષ આપણી સરકારના, સૌના સાથ સૌના વિકાસના" હેઠળ જનકલ્યાણ અને લોકહિતના અનેકવિધ કાર્યક્રમો સમગ્ર રાજ્યમાં યોજાશે.

પાંચ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી નહિ પરંતુ પાંચ વર્ષના આ સુશાસનમાં લોકહિતના થયેલા અનેકવિધ વિકાસકામો લોકાર્પણો, લાભ સહાય વિતરણ અને બહુવિધ જનહિત કામોને આવા કાર્યક્રમો દ્વારા જન-જન સુધી ઊજાગર કરાશે.

સુશાસનના પાંચ વર્ષ નિમિત્તે થીમ આધારિત વિવિધ જનહિતલક્ષી ફલેગશીપ યોજનાઓનો વ્યાપ વધારવા માટે રાજયભરમાં વિવિધ કાર્યક્રમો થકી રાજયની અવિરત વિકાસ યાત્રાને વધુ વેગવંતી બનાવવાનું રાજય સરકારનું આ જનહિતલક્ષી કાર્યક્રમોનું આયોજન છે.

કોરોના સંક્રમણ નિયંત્રણ માટેની ગાઈડલાઈન્સના સંપૂર્ણ પાલન સાથે આ કાર્યક્રમ યોજાશે, તે અંતર્ગત તારીખ ૧ ઓગસ્ટ જ્ઞાનશક્તિ દિવસ, ૨ ઓગસ્ટ સંવેદના દિવસ, ૩ ઓગસ્ટ અન્નોત્સવ દિવસ, ૪ ઓગસ્ટ નારી ગૌરવ દિવસ, ૫ ઓગસ્ટ કિસાન સન્માન દિવસ, ૬ ઓગસ્ટ રોજગાર દિવસ, ૭ ઓગસ્ટ વિકાસ દિવસ, ૮ ઓગસ્ટ શહેરી જનસુખાકારી દિવસ અને ૯ ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિવસ ઉજવાશે.

તા. ૩ જી ઓગષ્ટના રોજ "સર્વને અન્ન, સર્વને પોષણ" અંતર્ગત 'અન્નોત્સવ દિવસ' અન્વયે યોજાનારા કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી વર્ચ્યુઅલ ઉપસ્થિત રહેશે.

વડાપ્રધાન રાજયની ૧૭ હજારથી વધુ સરકાર માન્ય સસ્તા અનાજની વાજબી ભાવની દુકાનો પરથી સવા ચાર લાખ જેટલા ગરીબ, અંત્યોદય લાભાર્થીઓને લાભાર્થી દિઠ ૫ કિલો અનાજની કિટનું વિતરણ કરશે.

આણંદ ખાતેના રાજયકક્ષાના કાર્યક્રમમાં મુખ્યમંત્રી અને અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી જયેશભાઈ રાદડિયા પણ જોડાશે. પ્રધાનમંત્રી પાંચ જિલ્લાઓના પાંચ વાજબી ભાવોની દુકાનો પર લાભાર્થીઓ સાથે સીધો સંવાદ કરશે.

આ ઉપરાંત દ્દહ્લજીછ અંતર્ગત અંદાજિત ૭૨ લાખ પરિવારોને (૩.૫ કરોડની વસ્તી) વ્યક્તિદીઠ પાંચ કિલો અનાજ અને બેગ આપવાનો શુભારંભ કરાશે. સમગ્ર કાર્યક્રમમાં અંદાજિત ૮ લાખ ૫૦ હજાર લોકો સહભાગી થશે.

કોરોના કાળમા મૃત્યુ પામેલ માતા પિતાના બાળકો માટે સમાજ કલ્યાણ વિભાગ અને જેએમ ફાઈનાન્સિયલ ગ્રુપના સંયુક્ત ઉપક્રમે શિક્ષણમાં સહાયરૂપ થવાની યોજનાનો શુભારંભ થશે. પાલક માતા-પિતા, દિવ્યાંગ, વિધવા અને વૃધ્ધો માટે રાજય સરકારની વિવિધ યોજનાઓનો લાભ આપવામાં આવશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તેમજ રાજયકક્ષાના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી વિભાવરીબેન દવે ૪થી ઓગષ્ટે 'નારી ગૌરવ દિવસ' નિમિત્તે રાજ્યની મહિલાઓના સન્માન તથા ઉત્કર્ષના હેતુસર મહિલાઓ સાથે સંકળાયેલા મહિલાલક્ષી વિવિધ કાર્યક્રમોનું વડોદરાથી



શુભારંભ કરાવશે.

તદઉપરાંત મુખ્યમંત્રીના હસ્તે ૨૦૦ આંગણવાડી મકાનોનું લોકાર્પણ તેમજ ૧૪૩ આંગણવાડી મકાનોનું ખાતમૂર્હૂતના કાર્યક્રમો પણ યોજાશે. આ સાથે લુણાવાડા અને નવસારીમાં સખી વન સ્ટોપ સેન્ટરનું લોકાર્પણ તેમજ મોડાસા, હિંમતનગર અને ગાંધીનગર ખાતે ખાતમૂર્હૂત કરાશે.

### રાજ્યવ્યાપી ઉજવણીમાં ક્યા ક્યા કાર્યક્રમો યોજાશે

- તા. ૩ ઓગસ્ટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી રાજ્યના ૧૭ હજાર પંડિત દિનદયાળ ઉપાધ્યાય ગ્રાહક ભંડાર પરથી 'અન્નોત્સવહ્ન અન્વયે ૪.૨૫ લાખ ગરીબ-અંત્યોદય પરિવારોને વ્યકિત દિઠ ૫ કિલો અનાજ કિટ વિનામૂલ્યે વિતરણ કરશે
- તા.૭મી ઓગસ્ટે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ 'વતન પ્રેમહ્ન નવતર યોજનાનો પ્રારંભ અને રૂ. ૩૯૦૬ કરોડના મોટા પ્રોજેકટના લોકાર્પણ-ખાતમૂર્હત કરશે
- તા.૧ ઓગસ્ટે જ્ઞાનશક્તિ દિવસ અન્વયે શિક્ષણના વિકાસકાર્યો-ગુણવત્તાસભર અને અદ્યતન સુવિધાયુકત શિક્ષણના લાભ-સહાય રૂ. ૩૨૩ કરોડ
- તા.૨ ઓગસ્ટે નાના-ગરીબ-વંચિત લોકો પ્રત્યેની સંવેદના સાથે ૫૦૦ સ્થળોએ સેવાસેતુ કાર્યક્રમોમાં લાખો લોકોને સરકારની યોજનાઓના લાભ અપાશે ૪૯૪૧ અનાથ-નિરાધાર બાળકોને રૂ. ૧.૧૮ કરોડની સહાય
- તા.૫ મી ઓગસ્ટે કિસાન સન્માન દિવસે સાત પગલાં ખેડૂત કલ્યાણના અંતર્ગત ૩૦૨૫ ખેડૂતોને રૂ. ૫.૧૮ કરોડનું સહાય વિતરણ
- ૧૪૦૦ ગામોના ૧ લાખ ૧૦ હજાર ખેડૂતોને દિવસે વીજળી કિસાન સૂર્યોદય યોજના અન્વયે અપાશે
- ૪ ઓગસ્ટે રાજ્યના ૧૦ હજાર સખી મંડળોની ૧ લાખ બહેનોને ૧૦૦ કરોડ સહાય રાજ્ય સરકાર વગર વ્યાજે આપશે
- કોરોનાના કપરાકાળમાં પણ વિકાસની ગતિ અટકી નથી-રાજ્યના ૫૦ હજારથી વધુ યુવાઓને વિવિધ વિભાગોમાં રોજગારી અંગેના નિમણૂંક પત્રો તા. ૬ ઓગસ્ટ રોજગાર દિવસે અપાશે
- તા.૭ ઓગસ્ટે વિકાસ દિવસ અન્વયે હિંમતનગરમાં મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે ૧૦૦ ટકા રસીકરણ થયેલા ગામોના ૧૦૦૦ સરપંચોનું સન્માન-૧૦૦ થી વધુ ઁજીછ પ્લાન્ટ લોકાર્પણ-કોરોના વોરિયર્સના સન્માન થશે
- તા.૮ મી ઓગસ્ટે પાંચ હજાર કરોડથી વધુના વિવિધ વિકાસ કામો શહેરી વિસ્તારોમાં લોકાર્પણ-શુભારંભ શહેરી જનસુખાકારી દિવસે થશે
- તા.૯મી ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે ૫૩ આદિજાતિ તાલુકાઓમાં રૂ. ૮૧૭ કરોડના વિવિધ ૧૮૬ વિકાસ કામો હાથ ધરાશે

# મહેસાણામાં મોબાઈલ ફાટતાં કિશોરીનું મોત

## ફોનને ચાર્જિંગમાં રાખી વાત કરતી હતી : મોબાઈલને ચાર્જિંગમાં રાખીને વાત કરનારા માટે ચેતવણી સમાન કિસ્સો, ફોન ઉપયોગમાં તકેદારી જરુરી

મહેસાણા,તા.૨૯

મોબાઈલ ફોન આજકાલ જરૂરિયાત બની ગઈ છે. એક સમય હતો કે માતાપિતા નાના બાળકોને મોબાઈલ આપતા ન હતા, પરંતુ હવે અભ્યાસ સહિતની પ્રવૃત્તિએ મોબાઈલ પર જ થતી હોવાથી બાળકોને મોબાઈલ આપ્યે છૂટકો નથી. મોબાઈલ ફોન ચાર્જિંગમાં હોય ત્યારે તેમાં બ્લાસ્ટ થયો હોવાના અનેક કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. ખિસ્સામાં મોબાઈલ ફાટ્યો હોય તેવા બનાવો પણ બનતા રહે છે. મહેસાણામાં મોબાઈલને ચાર્જિંગમાં મૂકીને ફોન પર વાતો કરતી વખતે બ્લાસ્ટ થતાં એક કિશોરીનું મોત થયાનો લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. મળતી માહિતી પ્રમાણે મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકાના છેટાસણા ગામ ખાતે બુધવારે આ બનાવ બન્યો હતો. જેમાં એક કિશોરી મોબાઈલ ચાર્જિંગમાં ભરાવીને વાત કરી રહી હતી. આ દરમિયાન મોબાઈલ ધડાકા સાથે ફૂટતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત કિશોરીનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

સવારે બનેલા આ બનાવથી કિશોરીને પરિવાર હેબતાઈ ગયો હતો. પરિવાર જ નહીં પરંતુ આ ઘટનાથી આખા ગામમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. બનાવની વિગતે વાત કરીએ તો છેટાસણા ગામના શંભુભાઈ પ્રભાતભાઈ દેસાઈની દીકરી શ્રદ્ધા સવારે નવ વાગ્યાની આસપાસ પોતાના ઘરના ઉપરના માળે મોબાઈલ પર વાત કરી રહી હતી. મોબાઈલની બેટરી લો હોવાથી શ્રદ્ધા ફોનને ચાર્જિંગમાં રાખીને વાત કરી રહી હતી. આ દરમિયાન કોઈ કારણે મોબાઈલમાં ધડાકો થયો હતો. ધડાકો એટલો જોરદાર હતો કે શ્રદ્ધાને ગંભીર ઈજા પહોંચી હતી. મોબાઈલમાં ધડાકો એટલો જોરદાર હતો કે આસપાસના લોકો અને ઘરના સભ્યો ઉપરના માળે દોડી ગયા હતા. પરિવારે રૂમમાં જોયું તો મોબાઈલમાં ધડાકાને કારણે દીકરીનું ઘટના સ્થળે જ મોત થઈ ગયું હતું. આ મામલે ગામના તલાટી સહિતના લોકોને જાણ કરવામાં આવી હતી. કિશોરી જે રૂમમાં વાત કરી રહી હતી તેમાં ઘાસ ભર્યું હોવાથી તે પણ સળગી ગયું હતું. જે બાદ પાણીનો મારો ચલાવીને આગને બૂઝાવવામાં આવી હતી.






### આસેડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે કોરોનાની રસી લેવા પડાપડી

ડીસા તાલુકાના આસેડા ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે કોરોના રસીકરણ કાર્યક્રમ યોજાયો હતો પરંતુ રસી લેવા લોકોએ પડાપડી કરતા સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડતા જોવા મળ્યા હતા.જેમાં ૧૮ વર્ષથી વધુની ઉંમરના ગામ લોકો રસી નહિ મળે તેવા ડરથી મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. જિલ્લા વિકાસ અધિકારીના આદેશ અને તાલુકા આરોગ્ય અધિકારી ડોક્ટર જીગ્નેશ હરિયાણીના માર્ગદર્શન હેઠળ આસેડા આરોગ્ય વિભાગના મેડીકલ ઓફીસર તથા સ્ટાફ દ્વારા આસેડા પ્રાથમિક આરોગ્ય ખાતે કોરોના રસીકરણ કાર્યક્રમ રાખેલ. જે અંતર્ગત મોટી સંખ્યામાં ગામ લોકોએ કોરોનાની વેક્સિન મુકાવી હતી પરંતુ સાથે સાથે સોશિયલ ડિસ્ટનસના ધજાગરા ઉડતા જોવા મળ્યા હતા.જેથી ઉલટાનું સંક્રમણ ફેલાવાની દહેશત ઉભી થવા પામી હતી.

### પાલનપુરમાં ગુરૂપૂર્ણીમાની ભવ્ય ઊજવણી

પાલનપુરના પૌરાણિક એવા કંથેરિયા હનુમાનજીના મંદિરે પ.પૂજ્ય મહંત શ્રી ક્ષિપ્રાગીરીના આશિર્વચનથી પ.પૂજ્ય મહંતશ્રી શિવગીરીજીના શિષ્યો દ્વારા ગુરૂપૂર્ણીમાની ભવ્ય ઊજવણી કરવામાં આવી હતી. ગુરૂ પૂર્ણિમાના દિવસે વહેલી સવારથી મધ્યાહન સુધી ભાવિકોએ પૂ.મહંતનું તિલક પુષ્પહાર કરી ગુરૂપૂજન કરી ધન્ય બન્યા હતા.પૂજ્ય ગુરૂજીએ તેમના શિષ્યોને કંઠી પહેરાવી કાન ફૂંકતા હતા.જીવનમાં સૌ પ્રથમ ગુરૂ માતા-પિતા શિક્ષક સહીત ધાર્મિક સનાતન હિન્દુ ધર્મમાં ગુરૂ વિના જ્ઞાન નહી સમજાવી જીવનમાં સાચા માર્ગે ચાલવા,ધર્મનું રક્ષણ કરવા આહવાન કર્યુ હતુ.કંથેરીયા હનુમાન દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.તેમજ ગુરૂજીના જય..જય..કારથી સમગ્ર માહોલ ભક્તિમય બન્યો હતો.

# માનવ ગરીમા યોજના માટે ઓનલાઈન અરજીની મુદતમાં વધારો કરો : કોંગ્રેસ

ગુજરાત વિકસતી જાતી માનવ ગરીમા યોજના હેઠળની ઓનલાઈન અરજીઓ મંગાવવાની છેલ્લી તારીખ ૩૧મી જુલાઈ રાખવામાં આવી છે. પરંતુ રાજ્યમાં વિકસતી જાતિ તેમજ વિચરતી અને વિમુક્ત જાતીની ૪૦ જ્ઞાતી જે અજ્ઞાન, અભણ, લાચાર અને આધાર વગરની છે. આ પ્રજાને ઓનલાઈન એટલે શું ? તેની પણ ખબર પડતી નથી અને સરકારની આવી યોજનાનો લાભ લઈ શકતી નથી. જેને થોડી ઘણી ખબર પડે છે તેવા પરીવારો પાસે આધાર પુરાવા પુરતા નથી અને હાલ ઘણા સમયથી કોરોના જેવી મહામારી ચાલી રહી છે. આથી આ યોજનાના માગેલ પુરાવા આ પ્રજા જોડે જે કોઈ પુરાવા છે તેનો સમય પૂર્ણ થઈ ગયો હોય તેમજ એકઠા કરવામાં આ પ્રજાને ગણી બધી મુશ્કેલી પડે છે અને આધાર પુરાવા એકઠા કરવામાં જ સમય પુરો થઈ જાય છે અને ખરેખર જે પરીવારને જરૂર છે તે જ પરીવારને લાભ મળતો નથી અને તે વિકાસથી વંચિત રહી જાય છે. આ મહામારીને ધ્યાનમાં રાખી ગુજરાત વિચરતી અને વિકમુક્ત જાતી તથા વિકસતી જાતીની આ માનવ ગરીમા યોજના હેઠળ ઓનલાઈન અરજીઓ મગાવવાની તારીખમાં એક માસની મુદતમાં વધારો થઈ શકે તેમ છે જેથી ઓનલાઈન વેબસાઈટ પર અરજીની મુદતમાં વધારો કરવામાં આવે તેવી ગરીબ પરિવારોના હિતમાં પ્રદેશ કોંગ્રેસના વિચરતી મુક્તી જાતિ વિભાગ દ્વારા માંગ કરવામાં આવી છે.

# વૈશ્વિક ધરોહર ધોળાવીરાની પુરાતત્વ વિભાગ અને ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા ઉપેક્ષા : અર્જુનભાઈ મોઢવાડિયા

ગાંધીનગર, તા. ૨૯

કચ્છ જિલ્લાનાં ધોળાવીરાને યુનિસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટની યાદીમાં સ્થાન મળવુ એ માત્ર ગુજરાત માટે જ નહીં સમગ્ર દેશ માટે ગૌરવની વાત છે, પરંતુ કેન્દ્ર સરકાર હસ્તકના પુરાતત્વ વિભાગ કે રાજ્ય સરકાર હસ્તકના પ્રવાસન વિભાગ દ્વારા ૫ હજાર વર્ષ પ્રાચીન હડપ્પા સંસ્કૃતિની ધરોહરને સાચવીને બેઠેલ ધોળાવીરાને ન ધણીયાતુ હોય તેમ રઝળતુ મુકી દેવયેલ છે.

આ અંગે માહિતી આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પુર્વ પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે ધોળાવીરા ખાતે આવેલ રાજ્ય સરકાર હસ્તકની 'તોરણ હોટલ' ને છેલ્લા ૫ વર્ષથી તાળા મારીને ખાનગી રિસોર્ટ/હોટલ માલીકોને પ્રવાસીઓને લૂંટવાનો ખુલ્લો પરવાનો આપી દેવાયો છે. પ્રવાસીઓ પીવાના પાણી જેવી પ્રાથમિક સુવિધાઓનો માટે પણ આ ખાનાગી રિસોર્ટ માલીકોના હવાલે છે, જે ઉઘાડી લૂંટ ચલાવી રહ્યા છે. અર્જુનભાઈ મોઢવાડિયાએ વધુમાં જણાવ્યું હતું કે પ્રવાસીઓ વાહનમાં પેટ્રોલ/ડીઝલ ભરાવવુ હોય તો પેટ્રોલ પંપ ધોળાવીરાથી ૬૦ કિ.મી. દુર આવેલ છે. વાહનોમાં યાંત્રીક ખામી સર્જાય તો પણ પ્રવાસીઓ રઝળી પડે તેવી કરૂણ સ્થિતી છે. પ્રવાસીને નાણાંની જરૂર પડે તો બેંક કે એટીએમ માટે પણ રાપર એટલે કે ૧૦૦ કિ.મી. દૂર જવુ પડે. રાજ્ય સરકારનું વાર્ષિક પ્રવાસન બજેટ ૪૮૮ કરોડ હોવા છતાં ધોળાવીરા જેવી વૈશ્વિક ધરોહરની આસપાસ પ્રવાસીઓ માટે કોઈ સુવિધાઓ ઉપલબ્ધ ના કરાવી શક્યા હોય તો પછી પ્રવાસન બજેટ વપરાય ક્યાં છે ?

અર્જુનભાઈ મોઢવાડિયાએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતને પ્રવાસનધામ તરીકે વિકસાવવુ હશે તો આ પ્રકારની લાલીયાવાડીમાંથી બહાર આવવુ પડશે. ધોળાવીરા જેવી વૈશ્વિક ધરોહરને નિહાળવા વધુમાં વધુ પ્રવાસીઓ આવે તે જરૂરી છે. જે માટે પ્રવાસીઓને પ્રાથમિક સુવિધાઓ મળે તે જરૂરી છે. રાજ્ય સરકારે આ દિશામાં તત્કાલ પગલા ઉઠાવવા જોઈએ.

# ડીસા ભીલડી વચ્ચે વાહનચાલકોને લૂંટતી ટોળકી સક્રિય થતાં વાહનચાલકો પરેશાન

ડીસા થી ભીલડી નેશનલ હાઈવે ૨૭ પર છેલ્લા કેટલાય સમયથી રાત્રિ ના સુમારે વાહનોચાલકોને લૂંટતી ટોળકી સક્રિય છે જેને લઈને વાહનચાલકો લૂંટનો વારંવાર ભોગ બની રહ્યા છે તાજેતરમાં ભીલડી થી પોતાનું પીકપ ડાલુ લઈને જઇ રહેલા મુકેશભાઈ મહાદેવભાઈ સોલંકી ગામઃ જુના નેસડા તાલુકોઃ ડીસા પોતાનું ડાલુ લઈને ડીસા જઈ રહ્યા હતા તે દરમિયાન ૨૭ તારીખે રાત્રિના સુમારે લોરવાડા અને વડાવળ વચ્ચે તેમના ડાલા માં ડીઝલ થઈ રહેલ હોઈ રોડની સાઈડમાં ઊભા હતા તે દરમિયાન કોઈક અજાણ્યા ઈસમો બાઈકચાલક આવીને પૂછ્યું કે ક્યાં જવું છે પેલા પેટ્રોલ પંપ જવું છે તો લઈ જવું બાઈક માં બેસાડી એકાંતમાં અંધારામાં લઈ જઈને રોડ ની સાઈડ માં લઇ જઇ છરો બતાવી ને એક મોબાઈલ કિંમત અંદાજે આઠ હજાર રૂપિયા અને ૪૫૦ રોકડા લઈ ફરાર થઈ ગયા હતા જ્યારે બીજો બનાવ રાજસ્થાનના વતની અને ભીલડી માં આઈસ્ક્રીમ નો ધંધો કરતા માળી કલ્પેશભાઈ રાત્રિના સુમારે પોતાના સંબંધીને ડીસા બાઈક પર લેવા જઈ રહ્યા હતા તે દરમિયાન વડાવલ અને લોરવાડા પાટિયા વચ્ચે કોઈ અજાણ્યા શખ્સો દ્વારા બાઈક ચાલક ને લાકડી વડે ઉભું રખાવી બાઈક ના કાગળ તેમજ આધારકાર્ડ માંગતા એકાંતમાં લઈ જઈ રોડની સાઈડમાં અંધારામાં લઈ જઈને છરો બતાવી ને ૧૦૦ રૂપિયા રોકડા અને મોબાઈલ કિંમત ૧૦૦૦૦ અંદાજે લઈ ફરાર થઈ ગયા હતા છેલ્લા કેટલા સમયથી વડાવળ અને લોરવાડા હાઈવે વચ્ચે રાત્રિના સુમારે વાહનચાલકોને આ ટોળકી ટાર્ગેટ બનાવી લુંટી રહી છે.વાહન ચાલકો હેરાન થઈ રહ્યા છે.




લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડીસ્ટ્રીક્ટ-૩૨૩૨ બી-૧ આયોજિત એવોર્ડ નાઈટ-૨૦૨૦-૨૧માં લાયન્સ ક્લબના બ્રાન્ડિંગ એન્ડ માર્કેટિંગ ડિરેક્ટર કેતન દેસાઈને ગવર્નર નરેન્દ્રભાઈ પટેલ તથા પીડીજી દેવજીભાઈ પટેલ, દીપકભાઈ ત્રિવેદી અને સેકન્ડ વીડીજી ભાવનાબેન ત્રિવેદીના હસ્તે ગોલ્ડ એવોર્ડ એનાયત કરાયો હતો.

### મચ્છરોના બ્રિડીંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાના ૧૨૦૦થી વધુ કર્મયોગીઓ દ્વારા આ સઘન સર્વેલન્સની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. જિલ્લામાં વાહકજન્ય રોગચાળા માટે મચ્છરોની ઉત્પત્તિ એ મહત્વની હોવાથી આ સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યુ છે. હાલ મચ્છરની ઉત્પત્તિ માટે સાનુકૂળ વાતાવરણ છે એટલે તંત્રએ અત્યારથી જ પોરાનાશક અને એન્ટી લારવેલની કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે.

### પ્રતિનિયુક્તિ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અન્ય કામગીરી માટે સ્ટાફની જરૂરિયાત છે. ગુડામાંથી ૪ જેટલા જુનિ. ટાઉન પ્લાનર સહિતના ટેકનીકલ કર્મચારીઓને ફાળવવા માટે માગણી કરાશે.

ગાંધીનગર શહેરની હદ વધતા મનપાની કામગીરીનું ભારણ વધ્યુ છે. આ ઉપરાંત ગાંધીનગર અને તેની આસપાસના ભળેલા નવા વિસ્તારના વિકાસને ધ્યાને રાખી મનપા દ્વારા આ કવાયત હાથ ધરવામાં આવી છે.

### ૧૦૦ ટકા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ૩૪ ગામોની ૪૫ હજારથી વધુ વસ્તી જે ૧૮+ વયજૂથની છે તેમને આવરી લેવામાં આવેલ છે.

આગામી દિવસોમાં પોલિંગ બુથ પેટર્ન પર આ અભિયાન હાથ ધરી ૭ ઓગષ્ટ સુધીમાં ૧૦૦ ગામોમાં ૧૦૦ ટકા લક્ષ્યાંક સિદ્ધિનું આયોજન કરવામાં આવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૮ થી ૪૪ વર્ષની વયજૂથના ૪૫ ટકા લોકોને આવરી લેવામાં આવ્યા છે. જ્યારે ૪૫ થી ઉપરની વયજૂથમાં ૭૬.૫૦ ટકા લોકોને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લામાં આજે સવાર સુધીમાં ૪,૮૫,૨૪૫ લોકોને પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે જે ૫૬.૦૭ ટકા જેટલુ થવા જાય છે. જ્યારે બન્ને ડોઝ ૧,૨૮,૩૯૨ લોકોને આપવામાં આવેલ છે જેની ટકાવારીના સાપેક્ષમાં જોઈએ તો ૨૬.૪૬ ટકા જેટલી થવા જાય છે.

દરમ્યાન જિલ્લામાં આજે ૭૩૩૭ લોકોને ૪૦ જેટલી સેશન સાઈટ પર આવરી લેવામાં આવેલ છે જે સાથે કુલ ૪,૯૧,૨૫૦ને પ્રથમ ડોઝ અને ૧,૩૧,૧૬૮ને બન્ને ડોઝ આપવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે ૧૦ જેટલી સેશન સાઈટો પર ૪૫૩૮ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લામાં વેક્સિનેશનની કામગીરીને વેગીલી બનાવવા માટે હવે પોલિંગ બુથ પેટર્ન પર કામગીરી હાથ ધરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

૧લી ઓગષ્ટના રોજ બીજા ડોઝના વેક્સિનેશનના ખાસ અભિયાનને સફળ બનાવવાનું આયોજન પણ તંત્રએ તૈયાર કરી દીધુ હોવાનું જાણવા મળેલ છે.

### અનામત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મેડિકલ/ડેન્ટલ કોર્સીઝ (એમબીબીએસ/એમડી/એમએસ/ડિપ્લોમા/બીડીએસ/એમડીએસ) માટે હાલના એકેડેમિક સત્ર ૨૦૨૦-૨૧થી લાગુ થશે.

ઘણા સમયથી તેને લઈને માગ થઈ રહી હતી. એક દિવસ પહેલા જ કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવના નેતૃત્વમાં ઓબીસી સાંસદોના એક પ્રતિનિધિમંડળે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી નીટ યુજી અને પીજીમાં અખિલ ભારતીય કોટામાં ઓબીસી અને ઈડબલ્યુએસ ઉમેદવારો માટે યોગ્ય અનામતની માગ કરી હતી.

બે દિવસ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓલ ઈન્ડિયા મેડિકલ એજ્યુકેશન કોટામાં અન્ય પછાત વર્ગ (ઓબીસી) અને આર્થિક રીતે નબળા વર્ગો (ઈડબલ્યુએસ) માટે અનામતના મુદ્દાની સમીક્ષા કરી હતી. તેમણે સંબંધિત મંત્રાલયોને તેને પ્રાથમિકતાના આધાર પર ઉકેલવા નિર્દેશ આપ્યો હતો. સોમવારે બેઠકમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી મનસુખ માંડવીયા, શિક્ષણ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, કાયદા તેમજ ન્યાય અને સમાજ કલ્યાણ સચિવોની સાથે-સાથે અન્ય સીનિયર અધિકારી પણ સામેલ થયા અને કોટાના મુદ્દે ચર્ચા કરવામાં આવી.

મેડિકલ શિક્ષણમાં ઓલ ઈન્ડિયા કોટામાં ઓબીસી અનામત આપવાની લાંબા સમયથી માગ કરવામાં આવી રહી છે. દેશની જુદી-જુદી કોર્ટોમાં ઘણા કેસ પણ થયા છે અને પરંતુ આ મામલો લાંબા સમયથી પડતર છે.

### હાહાકાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, દરરોજના ચાર લાખ કેસ ઘટીને ૨ લાખ સુધી પહોંચવામાં ૨૬ દિવસનો સમય લાગ્યો હતો. ૨ લાખ કેસથી ૧ લાખ સુધી આવવામાં ૧૧ દિવસનો સમય લાગ્યો હતો. એક લાખ કેસથી ૫૦ હજાર કેસ સુધી આવવામાં ૨૦ દિવસનો સમય લાગ્યો હતો, પરંતુ પાછલા ૩૧ દિવસથી નવા કેસ ૩૦-૪૦ હજારની સંખ્યામાં નોંધાઈ રહ્યા છે. આરોગ્ય મંત્રાલયના આંકડા અનુસાર, બુધવારના રોજ નોંધાયેલા કેસમાં ૮૦ ટકા કેરળ, મહારાષ્ટ્ર અને નોર્થ ઈસ્ટના રાજ્યોના છે.

ચિંતાજનક વાત એ છે કે દેશના કુલ કેસમાંથી ૫૦ ટકા માત્ર કેરળથી છે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૬૬ ટકા વસ્તી કોરોના સંક્રમિત છે, કન્ટેનમેન્ટ સ્ટ્રેટજી પર ઓછું ધ્યાન આપવામાં આવ્યું છે અને ઈદના અવસર પર છૂટ આપવામાં આવી હતી, આ કેસ વધવાના મુખ્ય કારણો છે. કેરળમાં વધતા કેસોને ધ્યાનમાં રાખીને સરકાર પોતાની ટીમ કેરળ મોકલશે. આ ટીમમાં ૩-૪ સભ્યો હશે. આ ટીમ હોસ્પિટલમાં બેડની સ્થિતિ, એમ્બ્યુલન્સ, વેન્ટીલેટર અને મેડિકલ ઓક્સિજનની સાથે સાથે કોરોના રસીકરણના પૂરતા સંસાધનોની સ્થિતિ જોશે.

રાજ્યમાં સૌથી વધારે સંક્રમિત લોકો મલપ્પુરમમાં ૩૯૩૧, ત્રિશૂરમાં ૩૦૦૫, કોઝિકોડમાં ૨૪૦૦, એર્નાકુલમમાં ૨૩૯૭, પલક્કડમાં ૧૬૪૯ અને કોલ્લમમાં ૧૪૬૨, અલાપ્પુઝામાં ૧૪૬૧, કન્નૂરમાં ૧૧૭૯, તિરુવનંતપુરમમાં ૧૧૦૧, કોટ્ટાયમમાં ૧૦૬૭ કેસ આવ્યા છે. જાહેરાતમાં કહેવામાં આવ્યું છે કે નવા મામલામાં ૧૦૦ સ્વાસ્થ્ય કર્મી સામેલ છે. રાજ્યમાં વિભિન્ન જિલ્લાના હાલ ૪,૪૬,૨૧૧ લોકો ઓબ્જર્વેશનમાં છે.